ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૩૯ ટકા

# સૌરાષ્ટ્રમાં વરસાદના પગલે શહેરમાં કેરીઓનો વરસાદ

ગાંધીનગર, તા.૧૨

ઉનાળાની કાળઝાળ ગરમી બાદ રાજયમાં મોટાભાગના વિસ્તારમાં ચોમાસાનો ધીમી ગતિએ પ્રારંભ થઈ ગયો છે. ત્યારે સૌરાષ્ટ્રમાં છેલ્લા ચાર દિવસથી મેઘરાજા મન મુકીન વરસી રહ્યા છે. ત્યારે સૌરાષ્ટ્ર પંથકની જાણીતી કેસર કેરીનો મોટાભાગનો જથ્થો અમદાવાદ-ગાંધીનગરમાં ખડકાયો છે. કેસર કેરીના ખડકાયેલા જથ્થાને પગલે કેરીનો ભાવ પણ મોટાપ્રમાણમાં ગગડયો છે. ત્યારે રૂ.૬૦૦થી ૭૦૦ માં મળતી કેસર કેરીની પેટીનો ભાવ ૩૦૦ થી ૩૫૦ સુધી પહોંચી ગયો છે. જયારે વેપારીઓ કેસર કેરીનો સંગ્રહ કરે અને વરસાદ વરસી પડે તો વેપારીઓને મોટું નુકશાન વેઠવાનો વારો આવે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. જેથી વેપારીઓ નહીં નફો કે નુકશાનના ભાવે કેરીઓનું વેચાણ કરી રહ્યા છે.

શહેરના સ્વાદના ચુટકડા નાગરીકો ઉનાળાની આતુરતાથી રાહ જોતા હોય છે. ઉનાળાના પ્રારંભથી જ સૌરાષ્ટ્ર તરફથી આવતી કેસર કેરી ખાનાર વર્ગ પણ મોટીમાત્રામાં છે. સમગ્ર ગુજરાતમાં કેસર આગવી ઓળખ છે. ફળોમાં કેરીને રાજા માનવામાં આવે છે ત્યારે આ કેસર કેરીનો ભાવ પ્રારંભિક તબબકામાં આસમાનને આંબે છે. જેમાં કેસર કેરીનો કિલોનો ભાવ રૂ.૧૦૦ની આસપાસ હોય છે. ત્યારે સૌરાષ્ટ્રમાં આ કેરીનું મબલખ ઉત્પાદન થાય છે અને વેચાય છે પરંતુ તાજેતરમાં વરસાદને પગલે સૌરાષ્ટ્રમાં કેરીઓ બગડી જાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. તેમજ વરસાદ બાદ મોટાભાગનો વર્ગ કેરીથી અળગો રહે છે. કારણ કે વરસાદ બાદ કેરી સડી જવાના ચાન્સ વધુ રહેતા હોય છે. જેને પગલે નાગરીકો કેરી ખાવાનું ટાળતા હોય છે. ત્યારે સૌરાષ્ટ્રથી અત્યારે હાલના સમયે લાખો કિલો કેરીઓ અમદાવાદ અનો ગાંધીનગરના માર્કેટમાં ઠલાવાઈ છે. જેથી કેસર કેરીના ભાવમાં ઘટાડો નોંધાયો છે. શહેરની શેરીઓમાં કેરીઓના બોકસ લઈને ફરતા ફેરીયાઓની સંખ્યામાં પણ વધારો નોંધાયો છે. જયારે ૧૦ કિલોના કેરીનું બોકસ અત્યારે હાલ રૂ.૩૦૦ થી ૪૦૦ના ભાવે વેચાય છે. ત્યારે નાગરીકો પણ સિઝન પુરી થવાની તૈયારીઓ છે તેવા સમયે કેરીના બોક્સની છેલ્લી ખરીદી કરી રહ્યા છે.



# ‘નૃત્યમ્’ સંસ્થા દ્વારા ભરતનાટયમ્નો વર્કશોપ યોજાયો





ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની નામાંકિત કલા સંસ્થા પનઘટની સંલગ્ન ભરતનાટયમ્ની નૃત્ય સંસ્થા નૃત્યમ્ દ્વારા માઉન્ટ કાર્મેલ સ્કુલના ઓડીટોરીયમમાં સંસ્થાના ૧૫ દિવસના વર્કશોપ બાદનો સ્ટેજ કાર્યક્રમ યોજાઈ ગયો.

કાર્યક્રમ પગરવ-૧૭ સ્ટેપીંગ સ્ટોનના કાર્યક્રમનો આરંભ ગાંધીનગર સમાચારના તંત્રી શ્રી કૃષ્ણકાન્તભાઈ જહા, શ્રીમતી મેઘાબેન ઠાકર, ડાયરેકટરશ્રી નૃત્ય સંધ્યા ડાન્સ એકેડમી-અમદાવાદ અને પનઘટ કલા કેન્દ્રના શ્રી ભાવિનભાઈ પટેલના હસ્તે દીપ પ્રાગટય કરી શહેરના અગ્રણીઓની હાજરીમાં કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં ૧૫ દિવસના વર્કશોપમાં ૨૪ જેટલી દિકરીએ ભાગ લીધો હતો અને આ તાલીમ બાદ રજૂ કરાયેલ કાર્યક્રમમાં આનંદ નર્તન, ગણપતિ, વૈષ્ણવ જનતો તેને કહીએ, મલ્લારી, સસ્વતી વંદના ઈચ્છાપૂર્તી ગાયત્રી મંત્ર અને વંદેમાતરમ્ સહિતની કૃતિઓ રજૂ કરાઈ હતી. જેમાં કુ. ઝીલ, વૈશ્વી, વિદુષી, રીશ્વા, કેયા, નૈવી, નલિની, કથા, કાવ્યા, અવની, નીથિ, નીશીતા, ધીન્હીતી, ફોરમ, પૂર્વા, દત્તા, સુહાની, અંશુ, ઈશા, ધરતી, વૈદેહી અને હની તથા શ્રીમતી વ્યોમા અને કુ. મીતીએ પણ અલ્લારીપુ રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના પૂર્વ કલેકટર શ્રી આર.એમ. જોશી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના નાયબ સચિવ શ્રી ભાવેશભાઈ એરડા તથા અન્ય આમંત્રિત મહેમાનો અને નગરજનોએ મોટી સંખ્યામાં હાજર રહી દીકરીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું. અને સૌએ શ્રીમતી વ્યોમા અને કુ. મીતી ગાંધીનગરને ગૌરવ અપાવે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

# સે-૨૯માં સરકારી મકાનમાં રૂ. ૧.૫૦ લાખની ચોરી

ગાંધીનગર શહેરના સેકટર-૨૯માં સરકારી બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. સાંજના સુમારે પરિવાર સામાજીક કામે બહાર ગયો તેટલી વારમાં મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશી તસ્કરોએ તિજોરીમાં રહેલા સોના-ચાંદીના દાગીના સહિત રોકડ રૂ.૪૦,૦૦૦ મળીને કુલ રૂ.૧.૫૦ લાખના મત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે મકાન માલિકે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર શહેર તસ્કરો માટે સોફટ ટાર્ગેટ બની રહ્યું હોય તેવુ લાગી રહ્યું છે. તસ્કરોએક પછી એક ચોરીને અંજામ આપી પોલીસને પડકાર ફેંકતા હોય તેવું લાગી રહ્યું છે. પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૨૯ બ્લોક નંબર -૯૪-૪ જ ટાઈપ ખાતે રહેતા ઉસ્માનગની હબીબભાઈ મલેક પરિવાર સાથે સામાજીક પ્રસંગે ઘર બંધ કરીને દહેગામ ખાતે ગતરોજ ગયા હતા. ત્યાંથી રાત્રીના સમયે પરત ફરીને ઘરે આવતા જોયું કે તેમના મકાનનું તાળું તુટેલુ છે. તેમજ ઘરમાં પ્રવેશતા સામાન પણ વેર-વિખેર હાલતમાં પડેલો હતો. પરિવાર જઈને પરત આવે તેટલા સમયમાં તસ્કરોએ દરવાજાનું તાળુ તોડીને અંદર પ્રેવશી ઘરમાં રહેલ રોકડ રૂ.૪૦૦૦૦ સહિત સોના-ચાંદીના દાગીના મળીને કુલ. રૂ.૧.૫૦ લાખની મતાની ચોરી કરી નિશાચરો અંધકારમાં ગાયબ થઈ ગયા હતા. બનાવ અંગે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સિંધુ ધામ ખાતે સાતમા ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેકટર-૩૦ખાતે આગામી તા. ૯મી જુલાઈ રવિવારના રોજ સાતમા ગુરુ પૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગુરૂપૂર્ણિમા મહોત્સવનો પ્રારંભ સવારના ૫ કલાકે કાકડ આરતીથી કરાશે તેમજ દિવસ દરમિયાન હર્ષોલ્લાસથી ભકિત પૂર્ણ કાર્યક્રમો યોજાશે.

સે-૩૦માં સિંધુ ધામ ખાતે કાકડ આરતીથી પ્રારંભ થનારા આ મહોત્સવમાં બપોરે ૧૨ કલાકે મધ્યાહન આરતી યોજાશે ત્યાર બાદ બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન ભાવનાબેન પટેલના કંઠે ‘આનંદનો ગરબો’ યોજાશે. સાંજે ૫ કલાકે ધૂપ આરતી (મહાઆરતી) તથા પ્રસાદ ભોજન યોજાશે. આ ધાર્મિક મહોત્સવમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તન-મન-ધનથી સેવા કરવા દરિયાલાલ-ઝુલેલાલ મંદિરના સંચાલકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રીક્ષામાં પેસેન્જરની નજર ચુકવી ચોરી કરનાર આરોપી એલસીબીના હાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એસટી ડેપો પાસેથી બે મહિલા પેસેન્જરને બેસાડી અડાલજ તરફ જતા મહિલા પેસેન્જરની નજર ચુકવી બેગમાંથી સોનાના દાગીનાની ચોરી કરનાર આરોપીને ગાંધીનગર એલસીબીએ વાવોલ-ઉવારસદ માર્ગ પરથી પકડી પાડ્યો છે. પોલીસે તેની અંગ ઝડતી લેતા તેની પાસેથી સોનાના દાગીના કિ.રૂ. ૬૬,૨૫૫ તેમજ રીક્ષા કિ.રૂ. ૫૦.૦૦૦ ની કબ્જે લઈ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પોલીસ મથકના પીએસઆઈ એસ.બી. પઢેરીયા, એએસઆઈ હજારીસિંહ, હે.કો. હરીભાઈ, પો.કો. જીતેન્દ્રસિંહ, અને હરેન્દ્રસિંહ ગાંધીનગર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન હે.કો હરીભાઈ અને જીતેન્દ્રસિંહને બાતમી મળી હતી. કોઈ શંકાસ્પદ વ્યકિત રીક્ષા લઈને પસાર થઈ રહ્યો છે. જેને પગલે વાવોલ-ઉવારસદ માર્ગ પર ચંન્દ્રલોક સોસાયટી નજીક જી.જે.૨૭. ડબલ્યું.- ૩૦૬૭ની રીક્ષા ઉવારસદ તરફ જઈ રહી હતી. તે રીક્ષાને રોકીને સરફરાજ સાબીર રંગરેઝ રહે.વટવા સૈયદવાડી અલફલા સોસાયટી મ.નં.ડી.-૧-૫ અમદાવાદ વાળાની પુછપરછ કરી તેની અંગજડતી કરતા તેની પાસેથી સોનાની ચેઈન પેન્ડલ સાથેની તથા કાનની શેર નંગ-૨ તથા બુટ્ટી જોડ-૧ મળી આવતા આ અંગે યુવાનની પુછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ ન આપી શકતા એલસીબી ઓફીસે લાવી ઉંડાણ પુર્વક પુછપરછ કરતા આ ઈસમે આઠેક દિવસ અગાઉ પોતાના બે મિત્રો સાથે ગાંધીનગર આવ્યો હતો અને રીક્ષામાં એસડી ડેપો પાસેથી બે મહિલા મુસાફરોને બેસાડી હતી અને તેમની નજર ચુકવી બેગમાંથી આ સોનાની ચીજવસ્તુઓ ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. એલસીબી પોલીસો સોનાના દાગીના કિ.રૂ.૬૬,૨૪૪ તેમજ રીક્ષા કિ. રૂ.૫૦,૦૦૦ કબ્જે લઈ અટક કરી તેના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજય કક્ષાની અન્ડર-૧૯ ચેસ ટૂર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

અમદાવાદના નવરંગપુરા ખાતેની સ્પોર્ટસ કલબમાં તા. ૧૦ અને ૧૧ જુન દરમિયાન ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશન દ્વારા રાજયકક્ષાની અન્ડર-૧૯ ચેસ સ્પર્ધા ‘મોઈઝુદ્દીન ચીસ્તી ટ્રોફી’ રમાડવામાં આવી હતી. આ ટૂર્નામેન્ટમા રાજયભરમાંથી આશરે ૧૨૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો જેમાં બૉયઝમાં ક્રમાનુસાર જિત જૈન, જોય શાહ, નૈતિક મેહતા અને અંશ શાહ તથા ગર્લ્સમાં ઋત્વી શાહ, તેજસ્વીની સાગર, વૃષ્ટી શાહ તથા અનેરી કંજાર વિજેતા બન્યા હતા. ટૂર્નામેન્ટમાં વિજેતાઓને કુલ રૂ. ૧૫ હજારના રોકડ ઈનામો સ્ટેટ ચેસ એસોસિએશનના વાઈસ પ્રેસીડન્ટ મયૂર પટેલના હસ્તે આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ ઉપરાંત આ સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓની બિહાર ખાતે રમાનાર આગામી નેશનલ ટૂર્નામેન્ટ માટે રાજયનું પ્રતિનિધિત્વ કરવા માટે પસંદગી કરાઈ હતી.



## યુવાને ખેતરની ઓસરીમાં ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લાના લવારપુર ગામ ખાતે રહેતા રણછોડભાઈ પટેલના ખેતરમાં રહીને તબેલાનું તેમજ ખેત મજુરી કરતા પ્રાંતિયા ગામના ૨૭ વર્ષિય યુવાન રણજીતજી બાબુજી ઠાકોર ગત રોજ રાત્રીના સમયે કોઈ અગમ્ય કારણોસર ખેતરમાં રહેતો હતો તે ઓસરીમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવાનના આપઘાતને પગલે સમગ્ર ગામમાં ચકચાર મચી જવા પામી હતી. યુવાનના આપઘાતને પગલે પરિવાર પર આભ ફાટી પડ્યું છે. રણછોડભાઈ પટેલે ડભોડા પોલીસને જાણ કરતા બનાવ સ્થળ પર તાત્કાલીક પોલીસ પહોંચી ગઈ હતી. બનાવ અંગે ડભોડા પોલીસે ફરિયાદ નોંધીને વધુ તપાસ જમાદાર હરખાભાઈ ચલાવી રહ્યા છે. બનાવની જાણ પ્રાંતિયામાં થતા ગામમાં પણ શોકમગ્ન વાતાવરણ છવાયું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**હેમંત અડાલજા**

**ગાંધીનગર ગમે**

હરિયાળી, મોકળાશ, સ્વચ્છતા અને સુવિધાને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**

કોઈપણ ક્ષેત્રમાં કાઠું કાઢી શકે અને દુનિયાના છેડા સુધી તમને જોવા મળી શકે તેવા સક્ષમ નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

અનેકવિધ સંસ્થાઓ, વ્યકિતઓ માનવસેવા ને ઉત્કર્ષની અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે, એ સૌને સલામ.

**નગરને બહેતર બનાવવા**

થોડા યુવાઓ સમાજલક્ષી કામોમાં જોતરાયા છે. એમની સંખ્યા વધે તો સોનામાં સુગંધ ભળી શકે.

**નગર માટે હું કરી શકું**

સંસ્કૃતિ અને વ્યકિતત્વ વિકાસને લગતા ઉપક્રમો માટે મારું યોગદાન આપવા હું તૈયાર છું.

## નારાયણી હાઈટસ ખાતે ખુદાબક્ષનું ધમાકેદાર પરફોર્મન્સ




ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીકના ભાટ સ્થિત નારાયણી હાઈટસ ખાતે રવિવારે સાંજે ઈન્ડિયન આઈડોલ ૨૦૧૭ના ફાઈનાલીસ્ટ ખુદાબક્ષની લાઈવ ઈન-કોન્સર્ટ યોજાઈ હતી. પંજાબના બાદલ ગામના ૨૧ વર્ષના ખુદા બક્ષે અહીં પણ તેના ધમાકેદાર પરફોર્મન્સથી દર્શકોના મન મોહી લીધા હતા. યુવા દર્શકોએ ખુદા બક્ષ સાથે ડાન્સ કરવાનો અને સેલ્ફી લેવાનો ભરપૂર આનંદ ઉઠાવ્યો હતો. લગભગ અઢી કલાક ચાલેલા આ કાર્યક્રમમાં ખુદા બક્ષે અત્યંત જોશભર્યુ પરફોર્મન્સ આપતા તમામ દર્શકોને મન ભરીને ડોલાવ્યા હતા.

## ગાંધીનગર સાહિત્ય સભાના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સાહિત્યના પ્રચાર પ્રસાર માટે ગાંધીનગર સાહિત્યસભા છેલ્લા ૨૦ વર્ષથી કાર્યરત છે. ૨૦૧૭થી ૨૦૨૦ના ત્રણ વર્ષના કાર્યકાળ માટે એના નવા હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી છે.

પ્રમુખ-નટવર હેડાઉ, ઉપપ્રમુખ-સંજય થોરાત, મહામંત્રી-કલ્પેશ પટેલ, સહમંત્રી-ભીખુ કવિ, કોષાધ્યક્ષ-હસમુખ મેકવાન અને કારોબારી સભ્યોમાં મહેન્દ્ર રાઠોડ, રમેશ ઠકકર, ડૉ. સોમાભાઈ પટેલ, મૂળજીભાઈ પરમાર, રમણલાલ શ્રીમાળી, અનંત પટેલ અને ડૉ. જય ઓઝાનો સમાવેશ થાય છે.

દર અઠવાડીયે એક ગુજરાતી પુસ્તક પ્રકાશીત કરતાં ગાંધીનગરમાં યુવાન સાહિત્યકારો સાહિત્ય સભામાં સક્રિય તથા ગુજરાતી ભાષાનું ભવિષ્ય ઉજજવળ થશે એવી ઈચ્છા અસ્થાને નથી.

પુસ્તક પરબ અને સદવાંચન પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઉપપ્રમુખ સંજય થોરાતે ગુજરાતી સાહિત્યના પ્રચાર માટે સોશિયલ મિડિયાનો ઉપયોગ અને શાળા કોલેજોમાં અવનવી પ્રવૃત્તિ કરી યુવાનોમાં ગુજરાતી ભાષા બોલતી-વંચાતી થાય એ માટે કટિબધ્ધતા દર્શાવી છે.

ગાંધીનગર સાહિત્ય સભાના નવા હોદ્દેદારોને મેયર પ્રવિણભાઈ પટેલ, ગુડા ચેરમેન આશિષ દવે અને સાહિત્યપ્રેમીઓએ શુભેચ્છા પાઠવી છે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ, ગાંધીનગરની જુન માસની કાર્યવાહક સમિતિની બેઠક આગામી તા. ૧૫-૬-૨૦૧૭ને ગુરુવારના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ૫.૦૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સે-૨૨ ખાતે યોજાશે. જેમાં સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને તેમને મળેલ માર્કશીટોની ઝેરોક્ષ અને યાદી સાથે અચૂક હાજર રહેવા સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે.

# સે-૨૪ શાકમાર્કેટમાં પહેલા વરસાદમાં જ પાણી ભરાયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં બે દિવસ પહેલા થયેલા વરસાદથી અનેક ઠેકાણે પાણી ભરાઈ ગયા છે. જેમાં સેકટર-૨૪ના શાકમાર્કેટમાં પણ પાણી ભરાઈ જતાં ગૃહિણીઓ હેરાન-પરેશાન થઈ ઉઠી છે. પાણીના યોગ્ય નિકાલ ના અભાવે ભરાયેલાં ખાબોચીયાથી ગંદકીનું સામ્રાજય ઉભું થયું છે. વધુમાં આવવા જવાના માર્ગ આડે જ વરસાદી પાણી ભરાઈ જતા ભારે વજન સાથે ગંદકીમાંથી પસાર થવાની નોબત ઉભી થઈ છે. શહેરના બે મુખ્ય શાકમાર્કેટ પૈકી સે-૨૪ના શાક માર્કેટ પ્રત્યે તંત્રના ઓરમાયા વર્તન થકી ત્રણેય ઋતુમાં ભારે હાલાકીનો સામનો શહેરીજનો કરી રહ્યા છે.

શહેરભરમાંથી દૈનિક મોટી સંખ્યામાં નગરજનો સે-૨૪ના શાકમાર્કેટમાં શાકભાજી ખરીદવા ઉમટી પડે છે. આ શાકમાર્કેટનો યોગ્ય વિકાસ કરવામાં કે સુવિધા પુરી પાડવામાં તંત્રની ઉદાસીનતાથી નગરજનો તેમજ વેપારીઓ પારાવાર મુશ્કેલી વેઠી રહ્યા છે. જેમાં તાજેતરમાં થયેલા વરસાદથી આ શાકમાર્કેટમાં પાણીનો ભરાવો થઈ ગયો છે જે કારણે શાકભાજી ખરીદ કરવા આવતા લોકોને પાણીમાંથી આવવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. વધુમાં ભરાયેલા પાણીના ખાબોચિયા થકી ગંદકીનું સામ્રાજય ઉભું થયું છે જેથી અહીં વેચાણ થતી શાકભાજી થકી રોગચાળાની દહેશત ઉભી થઈ છે.



## ચિરવિદાય

- સ્વ. ગીતાબેન રાજેન્દ્રભાઈ દરજી, ઉ.વ. ૪૫
- સ્વ. રણજીતજી બાબુજી ઠાકોર, ઉ.વ. ૨૭